# કહેવતો





shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



Shikshan Sagar Application






સમાનાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


રૂઢિપ્રયોગો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


કહેવતો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


વિરુદ્ધાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education

Shikshan Sagar Application

- અગ્નિને ઊધઈ ન લાગે – કમનસીબ વ્યક્તિને ન હોય ત્યાંથી મુસીબત આવે.
- આપ સમાન બળ નહીં, મેઘ સમાન જળ નહિ– આવડત, પુરુષાર્થ, ખંત, કુનેહ અને ધીરજ જેવા ગુણો એ આપણું આપબળ છે.
- સો દહાડા સાસુના એક દહાડો વહૂનો – ત્રાસ અને સિતમનો બદલો લેવાની તક એક વખત મળે છે.
- આપ ભલા તો જગ ભલા – આપણે સારા તો સામેની વ્યક્તિ પણ સારી રીતે વર્તે
- આભ ફટયા પછી થીગડા ક્યાં દે – ચારે તરફ આફતો આવી હોય ત્યારે તેને નિવારવાના ઉપાયો વ્યર્થ જ જાય છે.
- આગ લાગે ત્યારે કૂવો ખોદવાથી શું ? – મુશ્કેલી આવે ત્યારે તેનો ઉપાય શોધવા બેસવાથી અર્થ ન સરે.
- વાડ થઈને ચીભડા ગળે – રક્ષક જ ભક્ષક બને.
- સો આંધળામાં કાણો રાજા – સાવ ન હોય તેના કરતાં થોડું હોવું પણ સારું
- સુરત સોનાની મૂરત – સુરત શહેર સમૃદ્ધ શહેર છે.
- ખાળે ડુચાને દરવાજા ઉઘાડા – પૂરતા પ્રમાણમા સાવચેતી ન હોય અને ખોટો સાવચેતીનો દેખાવ કરે.
- અણી ચૂક્યો સો વરસ જીવે – કટોકટીમાંથી પાર ઉતરી જવું તે જ ઉત્તમ છે.
- વાઢ કાન ને આવ્ય સાન – અનુભવે બધું સમજાય.
- ઉતાવળે આંબા ન પાકે – ઉતાવળથી સારું કામ થાય નહીં.
- મન હોય તો માળવે જવાય – ઈચ્છા શક્તિથી કઈ પણ પ્રાપ્ત કરી શકાય છે.
- આંખનું આંજણ ગાલે ઘસ્યું – અજ્ઞાનવશ અયોગ્ય પ્રવુતી થઈ.
- એક સાંધે ત્યારે તેર તૂટે – એક કામ કરવા જતાં બીજા દસ કામ બગડે.
- સેવા કરે તો મેવા મળે – જે બીજાનું ભલુ કરે તેને અવશ્ય સારું ફળ મળે.
- પારકી માં જ કાન વિંધે – લોહીનો સંબધ ન હોય તેવી વ્યક્તિ જ કઠિન છતાં ઉત્તમ કેળવણી આપી શકે.
- ઊગતા સુરજ ને સૌ નામે – સત્તાને સૌ આધીન બનવા જાય.
- આપણે વેત નમીએ તો કોઈ હાથ નમે – થોડું માન આપીએ તો સામેથી વધુ માન મળે.
- આંખમાં અમી તેને દુનિયા સામિ – જે સબંધ સારો રાખે તે વ્યવહાર સારો જાળવી શકે.
- બાંધી મુઠ્ઠી લાખની – જ્યાં સુધી ઘરની વાત બહાર જાય નહીં ત્યાં સુધી આબરૂ સચવાય.

Shikshan Sagar Application

- દયા ડાકણ ને ખાય – દયા કરવા જતાં આફત વહોરવી પડે.
- ખાલી ચણો વાગે ઘણો – જેનામાં ઓછી આવડત હોય તે વધુ બતાવવાનો દેખાવ કરે.
- બે હાથ વિના તાળી ન પડે – એકતામાં જ કાર્ય સફળ બને છે.
- બોડીને તાં વળી કાંહકી કેવી? - જેની પાસે ખાવાનું ન હોય એવા ગરીબ પાસે સાધન ક્યાંથી હોય?
- સુરતનું જમણને કાશીનું મરણ – કાશીમાં નીપજેલ મરણ સ્વર્ગ આપે છે, તેમ સુરતમાં જમણ સ્વર્ગ સમું સુખ આપે છે.
- લાલો લાભ વગર લોટે નહીં – લાભ થાય તો જ અમુક કાર્ય કરવા તૈયાર થવું.
- ઘર ફૂટેય ઘર જાય – ઘરની વ્યક્તિઓમાં કુસંપ થાય તો ઘરનાં બધાને નુકશાન પહોંચે.
- દુકાળમાં અધિક માસ – મુશ્કેલીમાં વધારો થવો
- સાઠી બૂદ્ધિ નાઠી – ઘરડાં થાય તેમ મતિ જાય
- કડવું ઓસડ માં જ થાય – કડવી શિખામણ વહાલેશરી જ આપે.
- જર, જમીનને જોરુ ત્રણેય કજિયાના છોરું – પૈસો, જમીન અને સ્ત્રી ઝઘડાનું કારણ બને છે.
- ગજા વગરનું ગધેડું ને વિરમગામનું ભાડું – તાકાત બહારનું કોઈ કામ કરવું
- ઈશ્વરની લાકડીને અવાજ નથી – ઈશ્વર શિક્ષા કરે ત્યારે ખ્યાલ આવતો નથી.
- નામ મોટા ને દર્શન ખોટા – બહારથી પ્રતિષ્ઠિત પણ અંદરથી દોષોથી ભરેલું.
- ઘરમ કરતા ધાડ પડી – સારું કરવા જતાં નુકશાન થવું
- સો મરજો પણ સૌના પાલનહાર ન મરજો – ગરીબ અને દૂ:ખી માણસોની સેવા કરનાર લાંબુ જીવજો.
- વાવે તેવું લણે – માણસ જેવુ કર્મ કરે તેવું ફળ પ્રાપ્ત કરે.
- હાથના કર્યા હૈયે વાગ્યા – કર્યું તેવું પામ્યા
- પગ જોઈને પછેડી તણાય – આવક મુજબ ખર્ચ કરવો જોઈએ.
- જમવામાં જગલોને કૂટવામાં ભગલો – મહેનત બીજું કરે અને ફળ પણ બીજા કોઈ મેળવે.
- ખોદે ડુંગર ને ભોગવે ભોરિંગ – એકનું કર્યું બીજા ભોગવે.
- ખાડો ખોદે તે પડે – ખોટા કામો કરનારને તેનું ખરાબ ફળ મળે.
- સોનાની થાળીને લોઢાની મેખ – અનેક સદગુણો એક અવગુણથી ઝાંખા પડે છે.
- દૂધનાં દાઝયા છાશ ફૂંકી ફૂંકીને પીએ – કોઈ કાર્યમાં મળેલ નિષ્ફળતાથી ગમે તેવી નાની બાબતમાં પણ જોઈ તપસીને આગળ વધવું.

Shikshan Sagar Application

- પાણીમાં રહેવું ને મગર સાથે વેર રાખવું – જેના હાથ નીચે રહેતા હોઈ તેની સાથે વેર બાંધવું ઠીક નહિ.
- જીવતો નર ભદ્ર પામે – જીવતો માણસ ગમે ત્યારે સુખ પ્રાપ્ત કરે છે.
- પાઘડી નો વળ છેડે – કામના પરિણામથી જ કામ પરખાય.
- સૂડી વચ્ચે સોપારી – ધર્મસંકટ આવવું
- ઘેર ઘેર માટીના ચૂલા– કોઈ કુટુંબ તકરાર વગરનું ન હોય.
- ચમડી તૂટે પણ દમડી ના છૂટે – અત્યંત લોભી હોય તેવી વ્યક્તિ પોતાને ગમે તેટલું નુકશાન થાય તો પણ પૈસા ખર્ચવા તૈયાર થતી નથી.
- પ્રથમ ગ્રાસે મક્ષિકા – શરૂમાં વિઘ્ન નડવું.
- ઘાણીનો બળદ ઠેરનો ઠેર – પ્રગતિ કર્યા વિના, હતા ત્યાંના ત્યાં.
- સાંકડા કપાળમાં સોળ ભમરા – ગરીબનું નસીબ ગરીબ.
- વખણાયેલી ખિચડી દાંતે વળગે – ઘણી વાર વખાણીએ તે જ વ્યક્તિ કે વસ્તુ ખરાબ નીવડે.
- ફરતે એકાદશી અને વચમાં ગોકુળ આઠમ – ભૂખમરાની દશા આવવી.
- બોલે તેના બોર વેચાય – કહ્યા વિના કોઈ કામ થાય નહિ.
- બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી – અશક્ય વાત હોવી.
- સહિયારી સાસુને ઉકરડે મોકાણ – જે સહિયારુ છે તેની દેખભાળ કોઈ રાખતું નથી.
- બાવના બેય બગડીયા – બેય બાજુથી પસ્તાવું.
- ભાત મેલીએ પણ સાથ ન મેલીએ – ખાવાનું છોડવું પડે તો છોડવું પણ મિત્રતા દૂ:ખ વેઠીને પણ નિભાવવું.
- દશેરાએ ઘોડું નો દોડવું – ખરેખર સમયે કામમાં ન આવવું
- મુખમાં રામ ઔર બગલમાં છુરી – દેખાવે સારું પણ દિલમાં કપટ હોય.
- શેરડી ભેગો એરંડો પાણી પીએ – એકની સાથે બીજુ પણ લાભ મેળવે.
- જાન સેવામાં જ પ્રભુસેવા – માનવીની સેવા એ જ સાચી પ્રભુભક્તિ છે.
- રજનું ગજને વાતનું વતેસર – નાની વાતને મોટું સ્વરૂપ આપવું.
- દર્દ કરતાં દવા વધુ અનિષ્ટ – રોગ કે પીડા કરતાં તેની ઔષધિ કે તેનો ઉપચાર વધારે કષ્ટદાયક હોય છે.
- હસે તેનું ઘર વસે – આણંદમાં રહેવાથી જીવન સમૃદ્ધ બને છે.

Shikshan Sagar Application

- વિનાશકાળે વિપરીત બુધ્ધિ – આપત્તિ આવવાની હોય ત્યારે અવળું જ સુઝે છે.
- હંસ ગયાને બગલા રહ્યાં – અસલ વસ્તુ જતી રહી અને નકલી વસ્તુ રહી.
- લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખ્યા ન મરે – લોભ કરનાર છેતરાય છે.
- હૈયે તેવું હોઠે – મનમાં હોય તે બહાર આવવું.
- ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન – મૂર્ખ માણસની વચ્ચે થોડું જ્ઞાન ધરાવતો માણસ મહાન પંડિત ગણાય છે.
- હોઠ સાજા તો ઉત્તર જાજા – વાણીશક્તિ હોય તો ગમે તેનો ઉપયોગ કરી શકાય.
- આડે લાકડે આડો વહેર – ખરાબ માણસ સાથે ખરાબ થવું પડે.
- જાગતાની પાડીને સૂતેલાનો પાડો – સાવચેત માણસને બીજા કરતાં વધુ લાભ થાય છે.
- રખપત તો રખપત – જાતે સાચવીએ એટલી જ આબરૂ સચવાય
- મોર વગડામાં નચ્યો કોને જાણ્યો? - સાચી સાબિતીનો અભાવ હોય છે.
- ભાણે આવ્યું તે જમવું ને કરમે આવ્યું તે વેઠવું – પ્રારબ્ધ પ્રમાણે સુખ દૂ:ખ વેઠવા જ પડે
- ભૂતનું ઠેકાણું આંબલી – જેવો માણસ તેવો વાસ
- મહાદેવના ગુણ પૂજારી જાણે – જે જેના સંપર્કમાં રહેતું હોય તે તેના ગુણ વિશેષ જાણે.
- ભૂખ્યો સિંહ તરણું ન ખાય – દૂ:ખને પ્રસંગે પણ સ્વમાની માણસ પોતાની ટેક ન ભૂલે.
- ખેપ હાર્યા કઇ ભાવ નથી હાર્યા – એકવાર નિષ્ફળતા મળતા નિરાશ ન થતાં પુરુષાર્થ ચાલુ રાખો.
- નાક નીચું અને પેટ ઊંચું – બીજાની ખુશામત કરીને પેટ ભરવું.
- છાશ મીઠી પણ કઇ દૂધ કહેવાય? - ખરાબ કૃત્યો વધારો તેટલા વધે.
- ચિંતા કરતાં ચિતા ભળી – ચિંતા મરણ કરતાંય ભૂંડી
- ગરથ ગાંઠે ને વિધા પાઠે – હાથમાં હોય તે ખરું કે ખપનું હોવું.
- અક્કર્મીનો પડિયો કાણો - કમનસીબને દૂ:ખ ને દૂ:ખ જ હોય
- અન્ન તેવા ઓડકાર - સહકાર તેવું વર્તન
- અણી ચૂક્યો સો વરસ જીવે - એક વાર ઉગરી જનારને ઝટ ઉપાધિ ન આવે.
- આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં - જાતમહેનત સર્વશ્રેષ્ઠ છે.
- આભ ફાટ્યું ત્યાં થીગડું કયા દેવું ? - દેવ રૂઠીયાનો, ખૂબ બગડી ગયેલા કામનો, કે પાર વગરના દૂ:ખનો ઈલાજ હોતો નથી.
- ઉજળું તેટલું દૂધ નહીં - બાહ્ય દેખાવથી છેતરાવું નહીં.

Shikshan Sagar Application

- ઉતર્યો અમલ કોડીનો - સત્તાધીશો સ્થાન ગુમાવ્યા પછી માન ન આપી શકે.
- ઊને પાણીએ ઘર ન બળે - કઠણ કામ કરવા વિશેષ શક્તિ જોઈએ.
- ઊંચે આભ નીચે ધરતી - કઈ આધાર નહી
- ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠકા - એક અમુક મુશ્કેલી ઊભી કરે, તો બીજું એનો એવો જ ઉપાય વિચારે.
- એક નન્નો સો દુ:ખને હણે - એક વાર ઘસીને ના પાડવાથી બધી મુસીબતો દૂર થાય.
- એક પંથ ને દો કાજ - એક કામ કરતાં બે કામ થાય.
- એક મરણિયો સોને ભારે - મરવાને તૈયાર થયેલ માટે કશું અશકય નથી.
- ઓછું પાત્ર ને અદકું ભણ્યો - અધૂરો ઘડો છલકાય. અસંસ્કારી હોય ને વધુ ભણેલો હોય તે વધુ ડોળ કરે.
- કળથી થાય તે બળથી ન થાય. - બળ કરતાં બુદ્ધિ ચડે.
- કામ કર્યું તેણે કામણ કર્યા - કામ કરનાર સૌને પ્રિય લાગે
- કામ કામને શીખવે - ન આવડતી વસ્તુ પણ ધીરજથી હાથમાં લેવાથી અવડાવવા માડે.
- કાળ જાય ને કહેણી રહે. - તક કે અવસરે તે પ્રમાણે ન વર્તીએ તો તે શોભે નહીં ને પાછળથી સંભાળવવું કાયમ રહે.
- કુંભાર કરતાં ગધેડા ડાહ્યા - શેઠ કરતાં ગુમાસ્તા વધ્યા.
- કોલસાની દલાલીમાં હાથ કાળા - દુર્જન સાથે કામ પાડવાથી કલંક લાગે છે.
- ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ? - કઈ અનુભવ હોય નહીં ને અનુભવીનો ડોળ કરે તે ખોટો.
- ખાળે ડૂચા ને દરવાજા મોકળા - એક પૈસાની ચિંગુસાઈ કરવી ને રૂપિયો વાપરતાં સહેજ પણ ન અચકાવું.
- ખોટો રૂપિયો વધારે ચળકે - ઓછો જ્ઞાની ભારે જ્ઞાની હોવાનો દેખાવ કરે.
- ગરજ સરી એટલે વૈદ વેરી - સ્વાર્થ પૂરો થતાં સબંધ છૂટે.
- ગામમાં પેસવાના સાંસા ને પટેલને ત્યાં ઉના પાણી - શેખચલ્લી જેવા વિચારો કરવા નકામા.
- ઘર ફૂટયે ઘર જાય - અંદર અંદર મતભેદ પડતાં શત્રુ ફાવે.
- ઘરની મરઘી દાળ બરાબર - ઘરની વસ્તુઓની કોઈ કદર કરતું નથી.
- ઘરનો જોગી જોગટો - પારકું તેટલું સારું ને પોતાનું તે ખરાબ.

Shikshan Sagar Application

- ઘાણીનો બળદ ઠેરનો ઠેર - ગોળગોળ ફરે તે પ્રગતિ કર્યા વિના હોય ત્યાં જ રહે.
- ઘેરઘેર માટીના ચૂલા - કોઈ કુટુંબ તકરાર વિહોણું ન હોય.
- ચડ જા બેટા શૂળી પર - વહાલ દેખાડીને કાસળ કાઢવું.
- ચમડી તૂટે પણ દમડી ન છૂટે - દૂ:ખ સહન કરે પણ ધન ન વાપરે.
- ચોર કોટવાળને દંડે - હરામી માણસ ન્યાયની વાત કરે.
- છછુંદરીના છયે સરખાં - કોઈમાં વિશેષ ગુણ નહીં.
- છાણના દેવને કપાસિયાની આંખો - યોગ્યતા મુજબ સત્કાર કરવો.
- છાશમાં માખણ જાય અને વહુ ફૂવડ કહેવાય - નુકસાન ખમવુ ને મૂરખ દેખાવું.
- છાશ લેવા જવી ને દોણી શું કામ સંતાડવી - એવું કઈ ન કરવું કે જે છુપાવવું પડે.
- છીંડે ચડ્યો તે ચોર - ચોરીની જગ્યાએ પકડાય તે ચોર.
- જર ચાહ્ય સો કર - પૈસાથી બધુ થાય.
- જાત વિના ભાત પડે નહિ - સારાં જ સારી વસ્તુ ગ્રહણ કરે.
- જીવતો નર ભદ્રા પામે. - જીવતો નર ગમે ત્યારે પણ સુખી થાય.
- જે ગામ જવું નહિ તેની શી વાત ? - જે કામ ન કરવુ તેની શી કથા?
- જેટલા ભોગ તેટલા રોગ - બહુ ભોગનું પરિણામ અનેક રોગમાં આવે.
- જે મોઢે પાન ચાવ્યા તે મોઢે કોયલા કેમ ચવાય ? - એક વાર વચન આપ્યું તે કેમ ઉથાપાય ?
- જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ - જેવા પોતે તેવા બીજા
- જેવો દેશ તેવો વેશ - રહીએ ત્યાંના રીતરિવાજ અપનાવવા.
- ટકે શેર ભાજી; ટકે શેર ખાજા - સારું નરસું સૌ સરખું.
- ડૂબતો માણસ તરણું ઝાલે - બચવું મુશ્કેલ હોય ત્યારે તુચ્છ વસ્તુ પાન સ્વીકારે.
- ઢમ ઢોલ માંહી પોલ - બહારથી સારું અંદરથી ખરાબ.
- તરત દાન ને મહાપુણ્ય - ધરમના કામમાં ઢીલ શી ?
- થઈને રહીએ તો પોતાનાં કરી લઈએ - આવડત હોય તો સૌને વશ કરી શકાય.
- દામ કરે કામ - પૈસાથી બધુ થઈ શકે.
- દીવા પાછળ અંધારું - પ્રમાણિક સજ્જનનાં અમલ પછી પણ અન્યાય તેમજ જુઠનું ચલણ.
- દુ:ખનું ઓસડ દહાડા - શોક દૂર કરવાનો ઉત્તમ ઈલાજ ધીરજથી સમય પસાર કરવો તે છે.

Shikshan Sagar Application

- દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ - એકવાર કડવો અનુભવ થયા પછી ભય ણ હોય ત્યાં પણ ભય દેખાય.
- દોરડી બળે પણ વળ ન છોડે - ગમે તેવી મુશ્કેલીમાં પણ માણસનો અસલ સ્વભાવ ન જાય.
- ધોબીમો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો - બેય પક્ષને પ્રસન્ન રાખવા મથનાર નિષ્ફળ જાય.
- નગારામાં પીપૂડીનો અવાજ કયા સંભળાય ? - મોટાઓમાં નાનાઓનું કોણ સાંભળે ?
- નવરો નખોદ વાળે - કામ ધંધા વિનાનો નવરો માણસ નુકશાન કરે.
- નાચવું નહિ ત્યારે આંગણું વાંકું - કામ કરતાં આવડે નહિ ને ખોટું બહાનું બતાવવું.
- ડાંગે માર્યા પાણી જુદા ન પડે - એક લોહિયામાં ઝટ કુસંપ ન કરાવી શકાય.
- નાદાનની દોસ્તી જીવનું જોખમ - કમઅક્કલ વ્યક્તિ સાથેની મિત્રતા નુકશાનકારક છે.
- નાનો તોપણ રાઈનો દાણો - નાનો પણ શક્તિશાળી
- નેવનાં પાણી મોભે ન ચડે - અશકય શકય ન બને.
- પગ જોઈને પાથરણું તાણો - શક્તિ જોઈને કામ કરો.
- પડે તે ચડે ને ભણે તે ભૂલે - માણસ માત્ર ભૂલને પાત્ર
- પળ્યો પોદળો ધૂળ ઊંચકયા વિના ન રહે - જ્યાં જાય ત્યાં લાભ શોધે.
- પહેલું સુખ જાતે નર્યા - તંદુરસ્તી એ પ્રથમ સુખ.
- પાડાને વાંકે પખાલીને ડામ - એકને વાંકે બીજાને સજા.
- પુત્રના લક્ષણ પરણામાંથી - સાચું સ્વરૂપ શરૂવાતથી જ દેખાય.
- પૂછાતા નર પંડિત - પૂછીએ તો જાણીએ
- પેટનો બળ્યો ગામ બાળે - પોતાના દૂ:ખે સૌને દૂ:ખમાં નાખે.
- પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય. - સ્વભાવ બદલવો મુશ્કેલ છે.
- ફરે તે ચરે; બાંધ્યું ભૂખે મરે - પુરુષાર્થ વિના આળસુ થઈ બેસી રહેનાર વ્યક્તિ કદી સુખી ન થાય.
- બળિયાનાં બે ભાગ - બળવાન વધુ લાભ મેળવે.
- બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા. - વસ્તુના મૂળ કારણનાં ને વસ્તુના બંનેનાં ગુણ સરવાળે તો સરખા જ હોય.
- ધર્મ માં ને કરમમાં ભાગ નથી – ધર્મ અને કર્મ માં કોઈ ભાગ ના પડાવી શકે
- ગ્રહણ ટાણે સાપ નીકળવો – મુખ્ય સમયે સમસ્યા આવવી
- સાપને ઘેર પરોણો સાપ – એક ભૂખ્યો બીજા ભૂખ્યા ને શું જમાડે?

Shikshan Sagar Application

- ઝાઝી કીડી સાપને ખાઈ જાય – સંપ અને એકતા હોય તો મોટી આપત્તિ ને પણ ઓળંગી જવાય
- સાપે છછૂંદર ગળવું – કામને પૂર્ણ કરવા જતા એવા સંજોગો થાય કે પૂર્ણ કરવા માં પણ નુકસાન અને છોડી દેવા માં પણ નુકસાન
- દૂધ પાઈને સાપ ઉછેરવો – આશ્રય આપી ને ઉપાધિ ને આમંત્રણ આપવું
- સાપ ગયા અને લીસોટા રહ્યા – દુર્જન વ્યક્તિ ના ગયા પછી પણ તેના ખરાબ કામો ના કારણે તે ખરાબ જ કહેવાય
- સાપના દરમાં હાથ નાખવો – મુશ્કેલી ને આમંત્રણ આપવું
- સંઘર્યો સાપ પણ કામ આવે – સંભાળી ને રાખેલી વસ્તુ ગમે ત્યારે કામે આવી શકે છે
- આંગળી આપતાં પહોંચે વળગવું – જરાક આવકાર આપતા પૂરું લઇ લેવું
- આંગળીથી નખ વેગળા જ રહે – પારકા કોઈ દિવસ પોતાના ન થાય
- આંગળીના વેઢે ગણાય એટલાં – આસાનીથી ગણી શકાય એટલા
- રાત ઓછી ને વેશ ઝાઝા – સમય ઓછો હોય અને કામ વધુ હોય
- રાત અને વાત નીઠાતાં નીઠે નહિ – રાત અને વાત જલ્દી ખૂટે નહિ
- રાતે બોલ્યા દિવસે ફોક – વચન નું પાલન ન કરવું
- નસીબ અવળા હોય તો ભોંયમાંથી ભાલા વાગે – નસીબ ખરાબ હોય તો ગમે ત્યાં થી પરેશાની આવી શકે છે
- નસીબ બેઠેલાનું બેઠું રહે, દોડતાનું દોડતું રહે – જેનું નસીબ કામ ના કરતુ હોય તેનું નથી કરતુ એનું નથી કરતુ અને જેનું કરે છે તેનું નસીબ દોડતું રહે છે
- નસીબનો બળિયો – નસીબ થી બળવાન હોય
- ઝાઝા હાથ રળિયામણા – જેટલા લોકો વધુ હોય તેટલું સારું
- ડાબા હાથની વાત જમણા ને ખબર ન પડે – સારું કરેલુ કાર્ય અન્ય વ્યક્તિ ને ખબર ના પડવી
- ડાબા હાથનો ખેલ – રમત જેવી વાત હોવી
- ડાબા હાથે ચીજ મુકી દેવી – વસ્તુ આડી અવળી મૂકી દેવી
- બેઉ હાથમાં લાડવા – બંને બાજુ ફાયદો હોવો
- માથે હાથ રાખવો – દયા દ્રષ્ટિ બનાવી રાખવી
- બે હાથ વિના તાળી ન પડે – જો કોઈ કાર્ય માં એકતા હોય તો તેમાં સફળતા જલ્દી પ્રાપ્ત થાય છે
- કોલસાની દલાલીમાં હાથ કાળા – દુર્જન સાથે કામ પડવાથી કલંક લાગે


સમાનાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education
Shikshan Sagar Application


રૂઢિપ્રયોગો
shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education
Shikshan Sagar Application


કહેવતો
shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education
Shikshan Sagar Application


વિરુદ્ધાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

Shikshan Sagar Application

- હાથનાં કર્યાં હૈયે વાગ્યાં – પોતાની ભૂલનો પોતે ભોગ બનવું
- હૈયું કરતાં હાથ બાળવા સારા – બીજા પાસે કામ કરાવી પસ્તાવા કરતાં જાતે કરી લેવું સારું
- એક હાથે તાળી ન પડે – વિના સહકાર નહીં ઉદ્ધાર
- ઊંધી ખોપરીનો માણસ – મગજ નો ફરેલો માણસ
- ડૂબતો માણસ તરણું પકડે – હતાશ થયેલી વ્યક્તિ નાની વાત ના સહારે પણ તારી જાય છે
- બે બદામનો માણસ – એક વાત પર ટકી ના રહે તેવી વ્યક્તિ
- માણસ માત્ર ભૂલને પાત્ર – માણસ થી ભૂલ થાય એ સ્વાભાવિક છે
- માણસ વહાલો નથી માણસનું કામ વહાલું છે – માણસ કરતા તેના કામ નું વધારે મહત્વ હોય છે
- એક કરતાં બે ભલા – એક કરતા બે લોકો હોય તો ફાયદો થાય
- એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવું – વાત ને ધ્યાન માં ના લેવી
- એક કાંકરે બે પક્ષી મારવા – એક સાથે બે કામ કરવા
- એક ઘા ને બે કટકા – તાતકાલિક પરિણામ મેળવવું
- એક ઘાએ કૂવો ન ખોદાય – તાત્કાલિક કોઈ કાર્ય ના થાય વાર લાગે
- એક પગ દૂધમાં ને એક પગ દહીંમાં – બંને બાજુ થી ફાયદો લેવો
- બાવાના બેય બગડ્યા – એક સાથે બે કામ કરવા અને બંને બાજુથી પસ્તાવું
- એક ચિનગારી વન બાળે – નાની એવી વાત માં થી પરિસ્થિતી ખરાબ થઈ શકે છે.
- એક મ્યાન માં બે તલવાર ન સમાય – એક સમાન વ્યક્તિ એક સ્થાને ન રહી શકે.
- એક જાળામાં સો સાપ દેખ્યા – મોટી મોટી વાતો કરવી
- સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો – દરેકનો વારો કોઈ વાર આવે.
- સો મણ તલે અંધારું – અન્યાય થવો
- આભ જમીન એક કરવાં – સખત પ્રયત્ન કરવો.
- એક કરતાં બે ભલા – એકથી વધારે માણસો હોય તો અનુકૂળતા સારી રહે .
- એક તો કારેલું ને પાછું લીમડે ચઢયું – મૂળમાં વાંકું અને વળી બહાનું મળી જવું.
- એક પગ દૂધમાં એક પગ દહીંમાં – બંન્ને પક્ષો સાથે સંબંધ રાખી લાભ લેવો.
- એક સાંધીએ ત્યાં તેર તૂટે – એક મુશ્કેલીથી માંડ માર્ગ કાઢીએ ત્યાં બીજી મુશ્કેલી આવી ઉભી રહે.
- એકડાં વગરનાં મીંડાં – કિસ્મત વગરનું હોવું
- એક ભવમાં બે ભવ કરવા – ધર્મભ્રષ્ટ થવું અથવા બીજા લગ્ન કરવા

Shikshan Sagar Application

- બાવાનાં બે બગડ્યા – બંને બાજુ થી પસ્તાવુ
- બેની લડાઈમાં ત્રીજો ફાવે – બે માણસ ના ઝઘડા માં ત્રીજા ને ફાયદો થાય
- એક સાંધે ત્યાં તેર તૂટે – એક મુશ્કેલી માં થી નીકળે ત્યાં બીજી મુશ્કેલી માં પડવુ
- તાંબા ની તોલડી તેર વાના માંગે – ઘરસંસાર માંડો ત્યારે ઘણી સાધનસામગ્રી જોઈએ
- ડાંગે માર્યા પાણી જુદા ન પડે – એક લોહીવાળા માં જલ્દી ઝઘડો ન થઇ શકે
- અન્ન તેવું મન અને પાણી તેવી વાણી હોય – જેવા ખાનપાન એવા જ બુદ્ધિવર્તન થાય
- નેવાના પાણી મોભે ના ચડે – જે વસ્તુ અશક્ય છે તે શક્ય ન બની શકે
- પથ્થર ઉપર પાણી – કોઈ વાત ની અસર ના થવી
- પાણી વલોવ્યે માખણ ન નીકળે – ખોટી મહેનત કરવાનો કોઈ અર્થ નહિ
- પાણી પહેલા પાળ બાંધી લેવી સારી – કોઈ પણ કામ કર્યા પહેલા તેની ચિંતા કરવી
- પાણીમાં થી પોરા કાઢવા – વ્યર્થ મહેનત કરવી
- ઘેર ઘેર માટીનાં ચૂલા – બધા ઘરે એક સરખી પરિસ્થિતી હોવી
- હસે તેનું ઘર વસે – આનંદમાં રહેવાથી જીવન સમૃદ્ધ બને છે
- છાશમાં માખણ જાયને ઘરનાં ગમાર ગણાય –નુકસાન ખમવું ને મુર્ખ દેખાવું
- કાચનાં ઘરમાં રહેવું ને કાંકરી મારવી – પોતાનો દોષ હોવા છતાં બીજાનો દોષ કાઢવો
- ગામમાં ઘર નહિ સીમમાં ખેતર નહિ – સાવ પૈસા વિના ની હોવી
- ગોર પરણાવી દે, ઘર ન માંડી દે – વ્યક્તિ એક વાર મદદ કરી દે દરવખતે તેના પર આધારિત ના રહેવાય
- ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો – પોતાના ભૂખ્યા રહે અને બહાર ના ને જમાડવા
- ઘરના ભુવા ને ઘરના ડાકલાં – બધો લાભ પોતા નો જ હોવો
- ઘર ફૂટ્યે ઘર જાય – ઘર ની વ્યક્તિ માં કુસંપ થાય તો નુકસાન ઘર માં જ થાય
- ઘરકી મુરગી દાલ બરાબર – ઘર ની વ્યક્તિ નું મહત્વ ના હોવું
- દુનિયાનો છેડો ઘર – માણસ દુનિયા માં ગમે ત્યાં ફરે પરંતુ અંતે તો શાંતિ તો તેને ઘરે પહોંચ્યા બાદ જ મળે
- અફીણ નો જીવડો સાકરમાં ના જીવે – ખરાબ વાતવરણ માં ટેવાયેલો માણસ સારા વાતાવરણ માં ન રહી શકે
- જીવતો નર ભદ્રા પામે – જીવીએ તો જીવનું કલ્યાણ થાય.

Shikshan Sagar Application

- નાદાનની દોસ્તી ને જીવનું જોખમ – મુર્ખ સાથેની મિત્રતા નુકસાનકારક સાબિત થાય છે
- જીવ્યા કરતાં જોયું ભલું – જીવન જીવ્યા કરતા અનુભવ વધુ હોવો
- જીવતા જગતિયું કરવું – જીવતા જીવ ઈચ્છાઓ પૂર્ણ કરવી
- અણીનો ચૂક્યો સો વરસ જીવે – એકવાર બચી જાય તેનું જીવન લાબું હોય છે
- શિર સલામત તો પઘડિયાં અનેક – વ્યક્તિ જીવંત હોય તો તેને પોષણ મળી રહે છે
- કાયા કાચો કુંભ – જીવન ક્ષણભંગુર છે
- દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે – પોતાનો વારસાગત ધંધો વ્યક્તિ અંત સુધી ના છોડે
- મુખ માં રામ ને બગલ માં છૂરી – દેખાવે સારું પરંતુ દિલ થી કપટી હોવુ
- રામ રાખે તેને કોણ ચાખે – જેની રક્ષા ભગવાન કરે તેને કઈ ના થાય
- રામ બોલો ભાઈ રામ થઈ જવું/રામશરણ પહોંચવું – મૃત્યુ થઇ જવું
- ઊંટ મરે ત્યારે મારવાડ સામું જુએ – જેનું દિલ જ્યાં લાગેલું હોય તેનું જ સ્મરણ થાય.
- ઊંટ મૂકે આકડો ને બકરું મૂકે કાંકરો – બધા એ બધી વસ્તુ ન ખવાયા.
- ચકલી નાની ને ફડકો મોટો – ગજા બહાર ની વાત કરવી
- શિયાળ તાણે સિમ ભણી ને કૂતરું તાણે ગામ ભણી – સૌ પોતપોતાના જ લાભ જોતું હોય
- ભેંશ આગળ ભાગવત – જ્ઞાન વગર ના ને ઉપદેશ આપવો
- મોર ના ઈંડા ચીતરવા ના પડે – હોશિયાર માતા પિતા ના સંતાન માં કઈ કહેવાપણું ના હોય
- કાગડો ચાલે મોરની ચાલ – દેખાદેખી કરવી
- કાગડા ની કોટે રતન બંધાયું – અયોગ્ય જોડી થવી
- ઘો મરવાની થાય ત્યારે અવાડે જાય – વિનાશ થવા નો હોય ત્યારે અવળી બુદ્ધિ સુજે
- રાંટી ઘોડી એ પલાણ માંડી – હલકી વસ્તુ થી કામ લેવું
- લેવા ગયો બકરી ને ખોળ આવ્યો ઊંટ – થોડું સુખ લેવા જતા મોટી પીડા આવવી
- ભસતો કૂતરો ભાગ્યે જ કરડે – મોટી મોટી વાતો કરનાર કંઈ કરી શકતા નથી
- ઝાઝી કીડીઓ સાપને તાણે – કોઈ કામ માં એકતા હોય તો અશક્ય કામ પણ શક્ય બની શકે
- કાગડો ઊજળો થાય એટલે હંસનો બને – ગમે તેટલા બાહ્ય પ્રયત્નો છતાં દુર્જન સજ્જન ન બને
- કાગના ડોળે રાહ જોવી – કોઈ વસ્તુની આતુરતાપૂર્વક રાહ જોવી
- કાગનો વાઘ કરવો – નાની વાત ને વધારી ચડાવી ને બતાવવી
- ઊડતાં પંખીને પાડવા – ધાર્યું કામ પાર પાડવામાં હોશિયાર હોવું.

Shikshan Sagar Application

- કાળા અક્ષર ભેંસ બરાબર – અજ્ઞાનીને કશાનું મહત્ત્વ નહિ.
- પાપળી ભેગી ઈયળ બફાય – સારા ભેગું ખરાબ પણ પીસાય જાય
- મેરી બિલ્લી મુજસે મ્યાંઉં – પોતાના જ દગો કરે
- શેરને માથે સવા શેર – દુનિયામાં એકબીજાથી બળવાન વ્યક્તિ તો હોવાના જ
- સો ઉંદર મારીને બિલ્લી હજ પઢને ચલી – અનેક ખરબ કર્મો કરીને ધર્માત્મા બનવાનો દંભ કરવો.
- સિંહનાં ટોળાં ન હોય – બહાદુર માણસ એકલો જ હોય છે
- હંસ ગયા અને બગલા રહ્યા – અસલ વસ્તુ જતી રહીને નકલી વસ્તુ રહી
- અધૂરો ઘડો છલકાય ઘણો – જેની આવડત ઓછી હોય તે દેખાવો વધુ કરે
- ઉજ્જડ ગામ માં એરંડો પ્રધાન – સારી વસ્તુ ન મળતી હોય ત્યાં ખરાબ વસ્તુ પણ શ્રેષ્ઠ ગણાય છે
- ઉતાવળે આંબા ના પાકે – ઉતાવળ કરવા થી કોઈ કામ સારું થતું નથી
- ઉગતા સુરજ ને સૌ નમે – જે સતા પર હોય તેને સૌ માને
- આંખમાં અમી તેને દુનિયા સમી – જેનો સંબંધ સારો હોય તેનો વ્યવહાર પણ સારો હોય છે
- દૂર થી ડુંગર રળિયામણા – બધું દૂર થી સુંદર દેખાય નજીક જઈએ ત્યારે સાચી હકીકત જણાય
- દિવા પાછળ અંધારું – ઘર ની મુખ્ય વ્યક્તિ ના નિધન પછી ગેરલાયક વ્યક્તિ ના હાથ માં જવાબદારી આવવી
- દયા ડાકણ ને ખાય – દયા કરવા થી તકલીફ માં વધારો થવો
- દુકાળ માં અધિક માસ – મુશ્કેલી માં મુશ્કેલી આવવી
- સમો વરતે સાવધાન – વખત જોઈ વર્તન કરવું
- સમ ખાય તે સદા જૂઠો – વાત વાત માં સોગન ખાતો હોય તેવી વ્યક્તિ પર વિશ્વાસ કરાય નહિ
- અભી બોલા અબી ફોક – વચન દ્રોહી બનવું
- કામ કાર્ય તેને કામણ કર્યા – મહેનત કરે તેને ફળ અવશ્ય મળે છે
- કાંટા વિના ગુલાબ ના હોય – સુખ અને દુઃખ સાથે જ હોય
- ઘેર ઘેર માટીનાં ચૂલા – બધા ઘરે એક સરખી પરિસ્થિતી હોવી
- સૂકા ભેગું લીલું બળે – ખરાબ વ્યક્તિ ની સંગત માં સારી વ્યક્તિ પણ બદનામ થાય
- પાકા ઘડે કાંઠા ના ચઢે – એક વાર સમય ચુક્યા પછી પરિસ્થતિ માં બદલાવ સંભવ નથી
- પહેલું સુખ તે જાતે નર્યા – શરીર સ્વસ્થ હોય તો બધું સલામત

શિક્ષણ સાગર

Shikshan Sagar Application

- લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા ના જવાય – જયારે તક આવે ત્યારે તેને અવગણવી ના જોઈએ
- આડે લાકડે આડો વેહ – જેવાની સાથે તેવો જ વ્યવહાર થાય
- આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય – કામ જાતે કરીએ તો જ સિદ્ધિ મળે
- આભ ફાટે ત્યારે થીગડું ન દેવાય – પાર વગર ન દુ:ખો નો કોઈ ઈલાજ હોતો નથી
- આંગળા ચાટ્યે કંઈ પેટ ન ભરાય – ખોટી કરકસર નો કોઈ અર્થ નહિ
- આગે આગે ગોરખ જાગે – કોઈ પણ વાત આગળ વધતી જાય તેમ તેનો ઉપાય મળતો જાય
- અતિની કોઈ ગતિ નહીં – કોઈપણ વાતમાં અતિશયોક્તિ બહુ સારી નહીં
- બાંધી મુઠી લાખની – રહસ્ય છુપાયેલું હોય ત્યાં સુધી જ મહત્વ ધરાવે છે
- વાત નું વતેસર કરવું – નાની વાત ને મોટું સ્વરૂપ આપવું
- ઉજ્જડ ગામ માં બાજે ઢોલ – જેમના માં સમજણશક્તિ ના હોય તેમને શિખામણ આપવા નો કોઈ મતલબ નથી હોતો
- ઓછું પાત્ર ને અદકું ભણિયો – જ્ઞાન ઓછું હોય તે દેખાવો વધારે કરે
- પોથીમાં ના રીંગણાં – માત્ર પુસ્તકિયું જ્ઞાન હોય
- મખમલ ની મોજડી માથે ના પહેરાય – જે વસ્તુ જ્યાં શોભતી હોય ત્યાં જ શોભે
- બેઠા ની ડાળ ન કપાય – પોતાનું જ અહિત ના કરાય
- આપવો દોકડો ને લેવો બોકડો – સૌ નાની વસ્તુ આપી ને મોટી વસ્તુ લેવા નો પ્રયાસ કરે
- આંગળી થી નાખ વેગળા – પારકા પોતાના ના થાય
- ઉજળું એટલું દૂધ નહિ – બાહ્ય દેખાવ થી છેતરાવું નહિ
- ભાગ્યશાળી ને ભૂત રળે – નસીબદાર ઓછી મહેનત કરે તો પણ સફળ થાય
- હાડ હસે ને લોહી તપે – આનંદ અને ગુસ્સો બંને સાથે હોવા
- હોઠ સાજા તો ઉત્તર જાજા – વાણી શક્તિ હોય તો ગમે તેનો ઉપયોગ કરી શકાય
- સોંઘું ભાડું ને સિદ્ધપુર ની જાત્રા – મર્યાદિત સાધનોથી સુંદર કામ થવું
- સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ – સોટી થી ડરાવીએ તો વિદ્યા જલ્દી આવે
- સુરત સોનાની મુરત – સુરત શહેર સમૃદ્ધ શહેર છે
- સેવા કરે તેને મેવા મળે – જે બીજા નું ભલું કરે તેને અવશ્ય તેનું ફળ મળે છે

Shikshan Sagar Application

- સુરત નું જમણ અને કાશી નું મરણ – કાશીનું મરણ સ્વર્ગ પામે છે તેમ સુરતનું જમણ પણ સ્વર્ગ સમાન છે
- સઈ ની સાંજ ને મોચી નું વહાણું – ખોટા વાયદા કરવા
- સૂડી વચ્ચે સોપારી – ધર્મસંકટ માં પડવું
- સોનાની થાળી ને લોઢા ની મેખ – અનેક સદગુણો એક અવગુણ થી ઝાંખા પડે
- સાંકડા કપાળમાં સો ભમરા – ગરીબ નું નસીબ ગરીબ
- શીંગડે ઝાલે તો ખાંડો ને પૂંછડે ઝાલે તો બાંડો – દરેક રીતે વાંકુ પડવું
- આંધળા ની ગત આંધળા જાણે – જેની પર વીતે તેને જ જાણ હોય
- બોલે તેના બોર વહેચાય – પોતા ના કામ અંગે બોલતો રહે તે ફાવે
- આટો વેચી ગાજર ખાધા – મોંઘી ચીજવસ્તુ ના બદલા માં સોંઘી વસ્તુ મેળવી
- અન્ન આહારે ને ઘી વહેવારે લેવાય – દરેક વસ્તુ પ્રમાણસર શોભે
- ન બોલવામાં નવ ગુણ – મૌન ઉત્તમ છે
- શ્રમ વગર નું પ્રારબ્ધ લુલુ – પુરુષાર્થ આગળ પ્રારબ્ધ પાંગળું છે
- શેઠ આવ્યા તો કહે નાખો વખારે – ઘટિત સત્કાર નો અભાવ
- શીરા માટે શ્રાવક ના થવાય – નજીવા લાભ માટે ધર્મભ્રષ્ટ ન થવાય
- વિદ્યાહીન નર તે પશુ – ભણેલો હોય તે જ માણસ ગણાય
- આગે આગે ગોરખ જાગે – આગળ જતા ઉપાય મળી રહે
- આપ સમાન બાલ નહિ તે મેઘ સમાન જળ નહિ – જાત મહેનત સર્વશ્રેષ્ઠ છે
- લખતો ભૂલે ને તરતો ડૂબે – જે કામમાં પડે તેની જ ભૂલ થાય
- લીલા વનનાં સુડા ઘણા – લાભ દેખાય ત્યાં ઘણા આવે
- લુચ્ચા ની પાંચશેરી ભરી – કપટ કરનાર માણસ ઘણીવાર જીતી જાય
- વગ કરે પગ – લાગવગ થી પ્રવેશ પામી શકાય
- સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય – જે મહેનત કરે તેને જ પ્રસિદ્ધિ મળે
- લોક ની લાજે કે પેટની દાજે – લાચાર પરિસ્થિતિ
- વખત ની વાત વખતે છાજે – જે કાળે જે કરવું જોઈએ તે કાળે તે કરવું
- વાંસના કજિયા વન બાળે – નાની વસ્તુને મોટું કારણભૂત બનાવી મોટું રૂપ આપવું
- શઠં પ્રતિ શાઠ્યં – ખરાબ વ્યક્તિ સાથે ખરાબ વર્તન થવું

Shikshan Sagar Application

- નામ મોટાને દર્શન ખોટા – બહાર થી પ્રતિષ્ઠિત હોય પરંતુ અંદરથી દોષો થી ભરેલી હોય
- પગ જોઈને પછેડી તણાય – જેટલી આવક હોય તેટલો જ ખર્ચ કરાય
- પારકે ભાણે મોટો લાડુ – પોતાની વસ્તુ કરતા બીજાની વસ્તુ હમેંશા સારી લાગે
- પ્રથમ ગ્રાસે મક્ષિકા – કામ ના શરૂઆત માં જ અટકળ આવવી
- બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી – ના થઈ શકે તેવી વાત હોવી
- ભાત મેલીએ પણ સાથ ન મેલીએ – અન્ન છોડી શકાય પરંતુ સાથ ના છોડી શકાય
- હવેલી લેતા ગુજરાત ખોઈ – વિચાર કર્યા વગર કરેલું કાર્ય નું પરિણામ સારું નથી આવતું
- ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ – પોતાની ખરાબ પરિસ્થતિ માં પણ પોતાની ઈજ્જત ના ગુમાવવી
- વાવે તે લણેને ખોદે તે પડે – જે જેવું કાર્ય કરે તેવું તેને પરિણામ મળે
- મરણમાં રાજિયા ને વિવાહ માં ઘોળ – પ્રસંગ પ્રમાણે વર્તન કરવું જોઈએ
- ઝાઝી કીડીઓ સાપને તાણે – કોઈ કામ માં એકતા હોય તો અશક્ય કામ પણ શક્ય બની શકે
- આવ્યો આસો ને મેઘ નાસો – સમય ઝડપી છે
- આંધળા ખરચ નું અંતકાળે સરવૈયું – ખોટા ખર્ચ કરનાર વ્યક્તિ છેવટે દેવાદાર સાબિત થાય છે
- એકલ દોકલ ના અલ્લાબેલી – જેની કોઈ સહાય ના કરે તેની ઈશ્વર સહાય કરે છે
- દૂધના દાઝ્યા છાશ પણ ફૂંકીને પીએ – એકવાર જેને કોઈ કામમાં ખરાબ અનુભવ થઈ ગયો હોય તે સારા કામ માં પણ ધ્યાન રાખીને કાર્ય કરે
- એઠું ખાય તે ચોપડ્યા ને ભરોસે – બદલામાં કંઈ મેળવવા ની લાલચ માં થતું કાર્ય
- સાપના મોઢા માં થી અમૃત ન ટપકે – ખરાબ લોકો પાસેથી સારા ની આશા ન રખાય
- કલાલની દુકાને દૂધ પણ દારૂ – બદનામ સ્થળે સાચી ચીજ પણ વગોવાય છે
- ધુમાડાને બાચકા ભર્યે દહાડો ન વળે – ખોટી મહેનત કરવાનો કઈ અર્થ નથી
- ઊલમાંથી ચૂલ માં પડયાં – એક મુશ્કેલીમાં થી બીજી મુશ્કેલી માં પડવું
- કહ્યો કુંભાર ગધેડા પર ન ચડે – કોઈના કહેવાથી જિદ્દી માણસ પણ કામ કરતો નથી
- કાગળની હોડીથી દરિયો ન તરાય – નબળા સાધનાથી કામ સફળ ન થાય
- પાંચેય આંગળી ઘીમાં ને માથું વાઢીમાં – બધી બાજુ થી ફાયદો જ હોવો
- ગરજ સરી કે વૈદ વેરી – કામ પૂરતો જ મતલબ રાખવો
- કામના કુડા વાતોના રૂડા – હરામ હાડકાનું હોવું
- ઘરડાં જ ગાડા વાળે – અનુભવી ની સલાહ

Shikshan Sagar Application

- કાળમાં કોદરા યે ભાવે – મુશ્કેલ પરિસ્થિતિમાં જે મળે તે સારું લાગે
- જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ – જેને શરમ મૂકી દીધી તે વ્યક્તિ ખુશ રહે છે
- ત્રાજવું કોઇની શરમ ન રાખે – ન્યાયપૂર્ણ ફેંસલો તટસ્થ જ હોય
- ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં – કામની આવડત નહિ ને ઝાઝા સાધનો રાખે
- નવરો બેઠો નખ્ખોદ વાળે – બેઠા બેઠા કામ માં વધારો કરવો
- ન મામા કરતાં કાણો મામો સારો – કઈ ના મળે એના કરતા જે મળે તે સારું
- નાણાં વગરનો નાથીયો ને નાણે નાથાલાલ – જેની પાસે પૈસા હોય તેને જ લોકો પૂછે છે
- કૂવામાં હોય તો હવાડામાં આવે – મા–બાપમાં સંસ્કાર સંતાનમાં આવે
- નાનો તો પણ રાઈનો દાણો – નાના માં નાની વસ્તુ પણ સમય આવતા કામ આવી શકે છે
- કેડે છોકરું ને ગામમાં ઢંઢેરો – પાસે હોવા છતાં બીજે શોધવા જવું
- પેટનો બાળ્યો ગામ બાળે – પોતે દુ:ખી હોય તે બધાને દુ:ખી કરે
- પીઠી ચોળે રંગ ન બદલાય – ગમે તેટલાં પ્રયત્નો કરવા છતાં મૂળ સ્વભાવમાં ફેરફાર થતો નથી
- પાશેરામાં પહેલી પૂણી – કાર્ય ની શરુઆત કરવી
- પુત્રનાં લક્ષણ પારણામાં ને વહુનાં લક્ષણ બારણામાં – સંસ્કારો તો શરૂઆત થી જ દેખાઈ આવે
- અતિ લોભ તે પાપનું મૂળ – વધુ પડતું લોભ પાપ ને આમંત્રણ આપે છે
- લોભને થોભ ન હોય – લોભ કરનાર વ્યક્તિ અટકતો નથી
- લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે – વધુ પડતો લોભ કરનાર વ્યક્તિ ને છેતરનારા મળી જ રહે છે
- લોભે લક્ષણ જાય – વધુ પડતો લોભ કરવા થી નુકસાન થાય છે
- લાલો લાભ વિના ન લૂંટે – મદદ ની પાછળ પોતાનો લાભ છુપાયેલો હોય
- રાજા કરે રાજ્ય અને પ્રજા સુખી – રાજા સારું કાર્ય કરે તો પ્રજા સુખી રહે છે
- ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? – એક બીજા ની તુલના ના થઇ શકે તેવું
- જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી – જયારે રાજા પ્રજા પાસે થી વેપાર કરવા માંડે ત્યાં પ્રજા ભિખારી બની જાય છે
- રાજા ને ગમી તે રાણી – જેવી જેની પસંદગી
- યથા રાજા તથા પ્રજા – જેવો રાજા તેવી પ્રજા

Shikshan Sagar Application

- રાજા કહે તે હા ને બાપ પરણે તે મા – સત્તા આગળ શાણપણ ના કરાય
- ગાય દોહી કૂતરાને પાવું – મહેનત થી મેળવેલું વેડફી નાખવું
- ગાય પાછળ વાછરડું – ગાય હોય ત્યાં વાછરડું આવે
- ગાયને સુખ તો ગર્ભને સુખ – ગાય ખાય તો તેના પેટ માં ના બચ્ચા ને પણ પોષણ મળે
- ધર્મ ની ગાય ના દાંત ના જોવાય – મફત માં મળેલી વસ્તુ માં દોષ ના કઢાય
- હાથી જીવે ત્યારે લાખનો, મર્યે સવા લાખનો – જેમ સમય જાય તેમ વધુ મુલ્યવાન બનવું.
- હાથીના પેટમાં હરડે – કોઇ મહત્વ ન હોવું
- હાથી ઘોડા નો ફરક – માણસ માણસ માં અંતર હોવું
- હાથીની પાછળ કૂતરા ભસે – હાથીની પાછળ કુતરા ભસે તેની ચિંતા હાથી ના કરે
- હાથી દરબારે ને દીકરી ઘરબારે શોભે – જે જ્યાં યોગ્ય હોય ત્યાં જ શોભે
- કીડી ને કણ ને હાથીને મણ – જેની જેવી જરૂરિયાત હોય તેને તેવું મળી જ રહે છે
- હાથી દાંત નો વેપાર – મોટો વેપાર હોવો
- હાથીનો ખરચ દરબારને પોસાય – હાથી નો ખર્ચ રાજા ને જ પોસાય
- પારકા કજિયા ઉછીના ન લેવાય – બીજા ના ઝઘડા માં ના પડાય
- પારકા છોકરાને જતિ કરવા સૌ તૈયાર હોય – બીજા ને સલાહ શિખામણ આપવા માટે લોકો હમેંશા તૈયાર હોય છે
- પારકી પીડા કોણ જાણે? – પારકા ની વ્યથા કોઈક જ જાણી શકે
- પારકી આશ સદા નિરાશ – બીજા ઉપર આશા રાખનારી વ્યક્તિ સદા નિરાશ થાય છે
- પારકી પીડામાં કોણ પડે? – બીજા ની આફત માં કોણ પડે
- પારકી પંચાતમાં શું કામ પડવું? – બીજા વ્યક્તિ ની વાત માં કારણ વગર નું પડવું
- પારકી મા જ કાન વિંધે – લોહીનો સંબંધ ન હોય તે વ્યકિત જ કષ્ટદાયક કેળવણી આપી શકે છે.
- પારકી ચેહમાં તે કોણ મરે? – પારકી વ્યક્તિ ની ચિંતા માં કોઈ મરી ન જાય
- પારકે પૈસે દિવાળી – બીજા ના પૈસે જલસા કરવા
- પારકે પૈસે પરમાનંદ – બીજા ના પૈસે આનંદ કરવો
- પારકે ભાણે લાડુ મોટો દેખાય – પોતાની વસ્તુ કરતા બીજાની વસ્તુ હમેંશા સારી લાગે
- ચીભડાના ચોરને ફાંસીની સજા – નાના ગુણ ની મોટી સજા મળવી
- ચોર કોટવાલને દંડે – ગુનો કરનાર વ્યક્તિ સામે વળી વ્યક્તિ ને દોષિત જાહેર કરે

Shikshan Sagar Application


- ચોર પણ ચાર ઘર છોડે – ચોર પણ આજુબાજુ ના ઘર માં ચોરી ના કરે
- ચોરની દાઢીમાં તણખલું – ગુનેગાર પાસે થી જ ગુણ ની બાતમી મળી રહે
- ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ – ચોર ના કર્યો નું દુ:ખ એની માં ને થાય પણ તેને બધા થી છુપાઈ ને જ રડવું પડે
- ચોરનું મોં કાળું – ખરાબ કામ કરનાર ની હમેંશા ટીકા થતી હોય છે
- ચોરને ચાંદરણી દેખાય – ચોર રાત્રી ના સમયે જ જાગે
- ચોરનો ધણી કોણ થાય? – ચોર ની માલિકી કોઈ ના લે
- ચોરને ઘેર ચોર પરોણો – ચોર ના ઘરે ચોર મહેમાન
- ચોરનો ભાઈ ઘંટીચોર – બધા એક સરખા દોષિત હોય
- ચોરી પર શીનાજોરી – ચોરી કરવી ને ઉપર થી દાદાગીરી કરવી
- ચોરના પગ કાચા – ચોર હમેંશા ડરી ને જ ચોરી કરતો હોય છે
- ધણીની નજર એક, ચોરની નજર ચાર – વસ્તુ ના મલિક ની નજર એક પર જ હોય છે જયારે ચોર ચારેબાજુ નજર રાખતી હોય છે
- એરણની ચોરી ને સોયનું દાન – ચોરી મોટી વસ્તુ ની કરવી અને દાન નાની વસ્તુ નું કરવું
- પાપ છાપરે ચડીને પોકાર – ખોટું કાર્ય ક્યારેય પણ છૂપું રહેતું નથી
- પાપ કરતાં પાછું જોવું – પાપ કરતી સમયે શું થશે તેનો વિચાર કરવો
- પેટ કરાવે વેઠ – પેટ માટે થઇ ને મહેનત કરવી પડે
- પાપનાં બડબડિયાં બોલ્યા વગર રહે નહિ – પાપ પ્રકાશ્યા વિના રહી શકે નહિ
- પાપનો બાપ લોભ – લોભ એ સૌથી મોટું પાપ છે
- ધર્મ કરતાં ધાડ પડી – સારું કરવા જતા નુકસાન થવું
- ધર્મ ધક્કો – કોઈ ફાયદા વિના નો ધક્કો થવો
- ધર્મ નાં ઊંડાં – ધર્મ માં ચુસ્તપણે માનનારા
- ધર્મ ની વાતમાં ઢીલ નહિ – ધરમ કરતા ધાડ પડવી, એટલે કંઈ સારુ કરતા ફસાઈ જવું
- બકરી કાઢતા ઊંટ પેઠુ – એટલે કંઈ નાનુ કામ સુધારવા ના ચકકર મા મોટી મુસીબત મા ફસાઈ જવુ
- વાત નુ વતેસર કરવુ – એટલે કે નાની વાત ને મોટું સ્વરૂપ આપવુ
- તરસ લાગે ત્યારે કુવો ખોદવો – મતલબ કોઈ પણ કામ પૂર્વ તૈયારી વગર છેલ્લી ઘડીએ કરવુ.

Shikshan Sagar Application

- કાખ મા છોકરો, ને ગામમાં ઢંઢેરો – એટલે કોઈ વસ્તુ પાસે જ હોવા છતા એની ખુબ શોધખોળ કરવી.
- બળતા માં ઘી હોમવુ – એટલે કે ખરાબ પરિસ્થિતિ ને વધુ ખરાબ બનાવવી.
- પડ્યા પર પાટુ મારવુ – એટલે કોઈ પેલે થી મુસીબત મા હોય અને એની સાથે વધુ કડકાઈ રાખવી અથવા ગુસ્સો કરવો.
- દુધ નો દાઝેલો છાશ પણ ફુકી ને પીવે – એટલે કે એક વાર મોટી મુસીબત મા ફસાયેલ વ્યક્તિ બીજી વખત થી જરુર કરતા વધુ સાવચેતી રાખે
- ગામ હોય ત્યાં ગાંડા હોય – એટલે આખા સારા કે હોશિયાર લોકોના ટોળા મા કોઈક તો તોફાની બારકસ મળી જ આવે
- પુરૂષાર્થ વિના પ્રારબ્ધ પાંગળુ છે – એટલે કે મહેનત વગર માત્ર નસીબ થી કામ ન થાય

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education






સમાનાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


રૂઢિપ્રયોગો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


કહેવતો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education
Shikshan
Sagar
Application


વિરુદ્ધાર્થી શબ્દો
shikshansagar.com
શિક્ષણ
સાગર
The King of Education

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયસ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION